કાળઝાળ ગરમી વચ્ચે ભેજવાળા વાતાવરણથી સૌરાષ્ટ્ર કચ્છમાં સ્વાઈન ફલુનો ફૂંફાડો યથાવત

વઢવાણની સગર્ભાને સ્વાઈન ફલુ ભરખી ગયો : રાજકોટ સિવિલમાં વધુ ચાર કેસ

ઝાલાવાડમાં માત્ર પખવાડીયામાં જ ત્રણ વ્યકિત મહામારીનો ભોગ બની : જુનાગઢની બે મહિલાનો રીપોર્ટ પોઝીટીવ આવતા રાજકોટ સરકારી હોસ્પિટલમાં ચાર દર્દીને અપાતી સઘન સારવાર

રાજકોટ-વઢવાણ તા.૨૫

સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં ચાલતા કાળ ઝાળ ગરમીના દૌરમાં પણ મહામારી સ્વાઈન ફલુ હજુ કેડો મુકતી નથી. છેલ્લા પખવાડીયાથી વધુ સમયથી કહેર મચાવતા સ્વાઈન ફલુની મહામારીનો વાયરસ વધુ ત્રણ જિંદગીને ભરખી ગયો છે. જેમાં ગઈકાલે વઢવાણમાં સગર્ભા મહિલાનું મોત નિપજયું હતુ તો જુનાગઢ જિલ્લાના વધુ ત્રણ દર્દીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે અને રાજકોટની સરકારી હોસ્પિટલમાં ચાર દર્દી દાખલ છે. જેમાં ત્રણનો રીપોર્ટ પોઝીટીવ છે એકનો રીપોર્ટ આવવાનો બાકી છે.

રાજકોટ

રાજકોટ શહેરમાં સ્વાઈન ફલુએ છેલ્લા પાંચ માસમાં છ લોકોના જીવ લીધા છે. એવામાં ગઈકાલે વધુ એક વૃધ્ધાનું મોત થતાં આરોગ્યતંત્ર દોડતુ થયુ છે. બીજી બાજુ જુનાગઢ પંથકની બે મહિલા સહિત ત્રણ દર્દીના સ્વાઈન ફલુ રિપોર્ટ પોઝીટીવ આવતા ભર ઉનાળે આ બિમારીએ હાહાકાર મચાવ્યો છે. મળતી વિગતો મુજબ રાજકોટ શહેરમાં પંચનાથ પ્લોટમાં રહેતા ૭૫ વર્ષીય વૃધ્ધા છેલ્લા એક માસથી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતાં. તેમનો સ્વાઈન ફલુ રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. ગંભીર બિમારીમાં પટકાયેલા વૃધ્ધની સારવાર ચાલુ હતી એ દરમિયાન ગઈકાલે બપોરે જ તેમણે છેલ્લા શ્વાસ લીધા હતા.

બીજી બાજુ જુનાગઢ પંથકના ૫૦ વર્ષીય શારદાબેન, ૨૮ વર્ષીય જીજ્ઞાસાબેન તથા જામનગર પંથકના રમેશભાઈ (ઉ.૪૫)ને સારવાર માટે રાજકોટના સ્વાઈન ફલુ વોર્ડમાં રાખવામાં આવ્યા હતા. તેમના મેડીકલ રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યા હોવાનું જાણવા મળે છે. આકરો તાપ વરસી રહયો છે. એવા સમયે જ સ્વાઈન ફલુના એક પછી એક કેસ સામે આવી રહયા છે. જામનગરના ૪૫ વર્ષીય કેશવજીભાઈને પણ સ્વાઈન ફલુના લક્ષણો જણાતા તેમને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા છે. જો કે હજુ સુધી તેમને રિપોર્ટ આવ્યો નથી. ઉલ્લેખનીય છે કે છેલ્લા પાંચ માસમાં રાજકોટમાં જોવા મળેલા સ્વાઈન ફલુના કેસો પૈકી કુલ ૧૬ લોકોના મૃત્યુ થયા છે. એમાંથી પાંચ દર્દી રાજકોટના હતા. જયારે પાંચ રાજકોટ જિલ્લાના વતની હતા. બાકીના છ અન્ય જિલ્લાના રહેવાસી હતા. સ્વાઈન ફલુએ ફરીવાર માથુ ઉચકતા આરોગ્ય તંત્રમાં પણ જાણે દોડધામ વ્યાપી ગઈ છે.

વઢવાણનો અહેવાલ

વઢવાણ ઘરશાળા વિસ્તારના શકિતનગરમાં સ્વાઈન ફલુના કારણે સગર્ભા મહિલાનું મોત થતા ચકચાર ફેલાઈ છે. આ વિસ્તારમાં ૧૫ દિવસમાં ૩ લોકોના શંકાસ્પદ મોત થયા છે. આમ છતાં જવાબદાર તંત્રે પણ નોંધ શુધ્ધા ન લેતા રહીશોમાં રોષ ફેલાયો છે. જયારે સ્વાઈન ફલુથી મહિલાનું મોત થતા એક દિકરાએ માતાની છત્રછાંયા પણ ગુમાવી હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં રોગચાળાએ માથુ ઉંચકતા અને આરોગ્ય તંત્ર દ્વારા કોઈ જ પગલા ન લેતા લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે. ત્યારે વઢવાણ ઘરશાળા શકિતનગરમાં રહેતા ૩૨ વર્ષના પરમાર ગૌરીબેન જયેશભાઈ પોતાના પરિવાર સાથે રહેતા હતા. સગર્ભા ગૌરીબેન બિમાર પડતા સુરેન્દ્રનગરમાં સારવાર લીધી હતી. જેમાં તેમને સ્વાઈન ફલુના રોગમાં સપડાયેલા ગૌરીબેનને અમદાવાદ સિવિલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. વહેલી સવારે ગૌરીબેનનું મોત થતા પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી. જયારે ગૌરીબેનને સંતાનમાં એક દિકરી હોવાથી માતાના મોતથી આ દિકરીએ માતાની છત્રછાંયા ગુમાવી હતી. બીજી તરફ ઘરશાળા વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસમાં ૩ વ્યકિતઓના શંકાસ્પદ મોત થયા છે.

આમ છતાં તંત્ર દ્વારા કોઈ નોંધ શુધ્ધા ન લેતા રહીશોએ આ અંગે રજુઆતના દૌર થયો હતો. વઢવાણના ઘરશાળા આસપાસ રોગચાળાએ અજગરી ભરડો લેતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

મવડી મેઈન રોડ પર

લગ્ન પ્રસંગે દારૂની મહેફિલ મનાવવા માટે જતો રજપુત શખ્સ ૧૫ ટીન બિયર સાથે જબ્બે

રાજકોટ તા.૨૫

શહેરના મવડી મેઈન રોડ પર લગ્ન પ્રસંગે દારૂની મહેફિલ મનાવવા માટે જઈ રહેલા રજપુત ઈસમને માલવિયા નગર પોલીસે બિયરના ૧૫ ટીન સાથે પકડી પાડયો હતો.

પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે મવડી મેઈન રોડ પર મારૂતી ડેરી સામે રોડ પરથી પોલીસે આરોપી રાજુ ભુપત સગર(ઉ.વ.૨૭)ને પકડી પાડયો હતો. ખોડીયારનગર શાક માર્કેટ પાસે શેરી નં.૫ માં રહેતા આ શખ્સ પાસેથી બિયરના ૧૫ ટીમ મળી આવ્યા હતા. ટીનનોઆ જથ્થો તેણે અમદાવાદથી મેળવ્યો હોવાનું રટણ કર્યુ હતું. લગ્નપ્રસંગે દારૂની મહેફિલ મનાવવા જવા માટે તે મિત્રની રાહ જોતો હતો ત્યારે જ માલવિયાનગર પોલીસના ડી.સ્ટાફના એએસઆઈ વેલુભા ઝાલા, કોન્સ્ટેબલ રણછોડભાઈ આલ, કોન્સ અરૂણભાઈ બાંભણીયા, મયુરસિંહ જાડેજા, ઈન્દ્રજીતસિંહ ગોહિલ, કૃષ્ણદેવસિંહ ઝાલાએ પેટ્રોલિંગ દરમિયાન એને પકડી પાડયો હતો.

રાજકોટ પોલીસ કમિશનરના પી.એસ. મનસુખભાઈ ભોરણીયાના આપઘાત પ્રકરણમાં કુટુંબીજનોના નિવેદન મેળવતી પોલીસ

વતન ટંકારા તાલુકા હમીરપર ખાતે આત્મહત્યા કરનાર મનસુખભાઈ ભોરણિયાની ફાઈલ તસવીર

ટંકારા તા.૨૫

રાજકોટ શહેર પોલીસ કમિશનરના પર્સનલ આસિસ્ટન્ટ મનસુખભાઈ ભોરણિયાએ આત્મહત્યા કરી લીધાના બીજા દિવસે પણ કોઈ સ્પષ્ટ કારણ સામે આવ્યું નથી. આર્થીક રીતે સંપન્ન હોવા છતા કર્મચારીએ અચાનક ભરેલા પગલાંથી તેમના સ્નેહીજનો હજી આઘાતમાં છે. એ દરમિયાન ટંકારા પોલીસે પણ તપાસનો દોર આગળ વધારવાની સાથે મૃતકના કુટુંબીજનોના નિવેદન મેળવવા તજવીજ હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે મનસુખભાઈ ભોરણિયાએ પોતાના વતન ટંકારા તાલુકાના હમીરપર ગામની સીમમાં ગઈકાલે સવારે ઝાડ સાથે ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. પરમ દિવસે પોતાના ઘરેથી રાજકોટ નોકરીએ થઉ છું કહીને નીકળેલા મનસુખભાઈ એ જ દિવસે બપોરથી લાપતા થયા હતા જેને પગલે તેમના કુટુંબીજનો ભારે ચિંતામાં હતા, એવા સમયે પોલીસે પણ તેમના મોબાઈલ નંબર આધારે લોકેશન મેળવવા કવાયત શરૂ કરી હતી, એ સમયે ગઈકાલે સવારે તેમની વાડીની બાજુના ખેતરમાં જ તેઓ ટુંપો ખાધેલી હાલતમાં મળી આવતા તેમના કુટુંબીજનો તથા સ્નેહીજનો ભારે શોકમાં ડુબી ગયા હતા. શાંત તથા સરળ સ્વભાવના મનસુખભાઈએ ભરેલા આત્મઘાતી પગલાંથી તેમનું વતન હમીરપર પણ હિબકે ચડયું હતું. સ્મશાન યાત્રામાં પોલીસ કમિશ્નર સહિત પોલીસ જવાનો જોડાયા હતા અને મૃતકના કુટુંબીજનોને સાંત્વના પાઠવી હતી.

બીજી બાજુ ટંકારા પોલીસે પણ આપઘાતની આ ઘટના અંગે કારણ જાણવા તપાસનો દોર આગળ વધાર્યો છે. એ માટે મૃતકના કુટુંબીજનોના નિવેદન મેળવવાનું પણ પોલીસે શરૂ કર્યુ છે. જો કે, આપઘાતની રહસ્યમય ઘટના પરથી હજી પડદો ઉઠયો નથી. મૃતકના ઘેર કે ઓફિસેથી પણ કોઈ સ્યુસાઈડ નોટ મળી આવી નથી. પોલીસ કારણ બહાર લાવવા મૃતકના મોબાઈલ ફોનની કોલ-ડિટેઈલ તપાસવા કાર્યવાહી આગળ વધારી છે. ઉલ્લેખનીય છે કે મનસુખભાઈના બન્ને પુત્રોને પણ પોતાનો વ્યવસ્થિત વ્યવસાય છે, અને આર્થીક રીતે તેમને પરિવાર પણ સંપન્ન હોઈ કૌટુંબીક રીતે તો હાલ કોઈ નાણાકીય ભીંસ હોવાનું લાગતું નથી. આમ છતા અંગત રીતે તેઓ કયા કારણે તણાવ અનુભવતા હતા જેના કારણે જિંદગી ટૂંકાવી લીધી એ જાણવા પોલીસ તપાસ ચલાવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા દશ વર્ષની રાજકોટ સી.પી. ઓફિસમાં ફરજ બજાવતા વરિષ્ઠ કર્મચારી મનસુખભાઈ અગાઉ નશાબંધી વિભાગ સહિતની કચેરીઓમાં નિષ્ઠાપુર્વક કામ કરી ચુકયા છે. તેમણે એકોએક આત્મઘાત પગલું ભરી લેતા પોલીસ-કમિશ્નર કચેરીના તેમના સહ-કર્મચારીઓમાં પણ શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

સુખી-સંપન્ન કર્મચારીએ અચાનક ભરેલા આત્મઘાતી પગલાં અંગે ટંકારા પોલીસ દ્વારા આગળ વધી તપાસઃ કોલ-ડિટેઈલ પણ મેળવાઈ

આંબેડકરનગરમાં યુવાનને પરપ્રાંતિય શખ્સે બચકુ ભરી લેતા સારવારમાં

રૈયાધારમાં યુવાને ત્રણ શખ્સોએ મારમારી છરી ઝીંકીઃ સોરઠીયાવાડીમાં દેવિપુજક બંધુ પર ધોકા વડે હુમલો

રાજકોટ તા.૨૫

શહેરના આંબેડકર નગરમાં ગોકુલધામ પાછળ રહેતા દલિત યુવાનને પરપ્રાંતિય શખ્સે ઝઘડો કરી હાથમા બચકુ ભરી લેતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ આંબેડકરનગર શેરી નં.૧૪ માં રહેતા રામદેવ કપલાભાઈ શંકર (ઉ.વ.૩૫) નામના દલિત યુવાન સાથે રાત્રીના સાવન ભૈયાજીએ ઝઘડો કરી હાથમાં બચકુ ભરી લેતા યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

જયારે રૈયાધારમાં દશામાના મંદિર પાસે રહેતા નરશી મનસુખ ચૌહાણ (ઉ.વ.૧૮) નામના યુવાન સાથે રાત્રીના ઘર નજીક રહેતા નયન પરમાર, રઘુ પરમાર, અને દેવજી પરમારે ઝઘડો કરી છરી વડે છરકા કરતા યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

તેમજ સોરઠીયાવાડી નજીક મરચાપીઠ પાસે રહેતા રાણા કેશુભાઈ દેવિપુજબ (ઉ.વ.૨૦) તથા તેના ભાઈ ભરત કેશુભાઈ દેવિપુજક (ઉ.વ.૨૫) ને રમેશ દેવિપુજકે ધોકા વડે માર મારતા બન્નેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

રાજકોટના ગોકુલધામમાં બીમારીથી કંટાળી લોધા યુવતીએ ફિનાઈલ પીધુ

રણુજા મંદિર પાસે રહેતા બાવાજી યુવાને પત્ની સાથે ઝઘડો થતા ફિનાઈલ ગટગટાવ્યુ : કેશોદમાં પરિણીતા દાઝી

રાજકોટ, તા. ૨૫

રાજકોટમાં ગોકુલધામ પાસે ગીતાંજલી સોસાયટીમાં રહેતી લોધા યુવતીએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી છે. માનસિક બીમારીથી કંટાળી યુવતીએ આ પગલુ ભરી લીધુ હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણવા મળતી વિગતો મુજબ ગોકુલધામ પાસે ગીતાંજલી સોસાયટી શેરી નં. ૬, ૧૫૦ ફુટ રીંગ રોડ પર રહેતી લોધા યુવતી વર્ષાબેન માનસીંગભાઈ પતરીયા (ઉ.વ.૩૨) નામની યુવતીએ ફિનાઈલ પી લેતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. યુવતી એક ભાઈ એક બહેનના પરિવારમાં નાની છે તેના પિતા નિવૃત છે માનસિક બીમારીથી પીડાતી યુવતી છેલ્લા ચાર દિવસથી ગુમસુમ રહેતી હતી અને તેનાથી કંટાળી જઈ આ પગલુ ભરી લીધુ હોવાનું જાણવા મળ્યું છે.

અન્ય બનાવમાં રણુજા મંદિર પાસે ભુવનેશ્વરી સોસાયટીમાં રહેતા ધર્મેન્દ્ર અભિરામ હરીયાણી (ઉ.વ.૨૮) નામના બાવાજી યુવાને રાત્રીના પોતાના ઘરે ફિનાઈલ પી લેતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બાવાજી યુવાના પિતા ચિત્રાવડ ગામે રહે છે તેની પત્ની કોમલબેને સાસુ-સસરાને ઘરે આવવાની ના કહેતા તે મામલે ઝઘડો થતા યુવાને આ પગલુ ભરી લીધુ હતું.

જયારે કેશોદમાં મોલાના દરવાજા પાસે રહેતી સુમનબેન ગફારભાઈ મોઢા (ઉ.વ.૨૨) નામની પરણીતા ચુલા પર રસોઈ બનાવતા સમયે અકસ્માતે દાઝી જતા તેને સારવાર માટે રાજકોટ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ચુનારાવાડમાં ગાળો બોલવા પ્રશ્ને યુવાનને પાડોશીએ ઈંટ ફટકારી

સંતોષીનગરમાં યુવાનને તેના સગા ભાઈએ ધોકા વડે મારમાર્યો

રાજકોટ તા.૨૫

શહેરના ચુનારાવાડ વિસ્તારમાં રહેતો દેવિપુજક શખ્સ શેરીમાં ગાળો બોલતો હતો જેથી પાડોશીએ તેને ઈંટ વડે મારતા યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ ચુનારાવાડ શેરી નં.૫ માં રહેતા અશ્વિન અશોકભાઈ સોલંકી (ઉ.વ.૨૩) નામનો યુવાન સાંજના નશાની હાલતમાં શેરીમાં ગાળો બોલતો હોય પાડોશીએ ઉશ્કેરાઈ તેને માથાના ભાગે ઈંટ ફટકારી દેતા યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

તેમજ અન્ય બનાવમાં સંતોષીનગર સેન્ટ્રલ જેલની સામે રહેતા વરસંગ જગદિશ (ઉ.વ.૩૭) નામના યુવાનને બપોરના સમયે તેના સગાભાઈ શંકર જગદીશે ધોકા વડે માર મારતા યુવાનને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

રેલવે ટ્રાફિક યાર્ડમાંથી અજાણ્યા વૃધ્ધાનો મૃતદેહ મળ્યોઃ વાલી વારસની શોધખોળ

રાજકોટ તા.૨૫

શહેરના જામનગર રોડ પર રેલવે લોકો કોલોની નજીક આવેલા ટ્રાફિક યાર્ડમાં અજાણ્યા વૃધ્ધાનો મૃતદેહ મળી આવતા પોલીસે તેના વાલી વારસની શોધખોળ હાથ ધરી છે. શહેરના જામનગર રોડ પર રેલવે ડેપ્યુટી મેનેજરની ઓફિસની પાછળ આવેલા રેલવે ટ્રાફિક યાર્ડમાં એક અજાણ્યા વૃધ્ધાનો મૃતદેહ પડયો હોવાનું માલુમ પડતા રેલવે પોલીસે બનાવ સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે વૃધ્ધાની ઓળખ મેળવવા તેના વાલી વારસની શોધખોળ હાથ ધરી છે.

પોરબંદરના આંબેડકરનગરમાં લોહાણા યુવાનની હત્યા

મોડી રાત્રે રીક્ષા ચાલક કરણ રાયચુરાને તલવારથી વેંતરી નાંખતો ધર્મેશ રાઠોડ : મિત્રને ઈજા : યુવતીની તકરાર ઘટના

રાજકોટ તા.૨૫

પોરબંદરના નરસંગ ટેકરી વિસ્તારમાં આવેલા આંબેડકરનગરમાં ગતરાત્રે કરણ ગોરધનભાઈ રાયચુરા નામના ૨૨ વર્ષના લોહાણા યુવાનની દલિત શખ્સે તલવારના ઘા ઝીંકી હત્યા કરી નાંખતા સમગ્ર શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. તો તેના મિત્રને ગંભીર ઈજા સાથે રાજકોટ હોસ્પિટલમાં દાખલ કરાયાનું જાણવા મળેલ છે. આ ઘટનાની મળતી વિગત મુજબ પોરબંદરની રઘુવંશી સોસાયટીમાં રહેતો કરણ ગોરધનભાઈ રાયચુરા અને તેનો મિત્ર વિપુલ ભીખાભાઈ ગતરાત્રે આંબેડકરનગર વિસ્તારમાં ગયા હતા. આ સમયે ધર્મેશ અશોક રાઠોડ નામના દલિત શખ્સે જુની અદાવતમાં બંને મિત્રો પર હુમલો કર્યો હતો.

આ જીવલેણ હુમલામાં તલવારથી ગંભીર ઈજા થતા કરણનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે વિપુલને ગંભીર ઈજા થવાથી પ્રથમ પોરબંદર અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ છે.

કમલા બાગ પોલીસ મથકનો કાફલો ગત રાત્રે ૧૨ વાગ્યા આસપાસ સ્થળ પર દોડી ગયો હતો અને ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવથી લોહાણા સમાજમાં પણ ઘેરો શોક ફેલાઈ ગયો છે. મૃતક અને ઘાયલ બંને યુવાન રીક્ષા ચલાવતા હતા અને મૃતક તેના પરિવારનો એકનો એક પુત્ર હતો. આ અંગે મૃતકની માતા મનિષાબેને ફરિયાદ નોંધાવી છે. યુવતિ સામે જોવાની તકરારમાં આ ઘટના બન્યાનું જાહેર થયું છે.

પી.ડી.માલવીયા કોલેજના

સસ્પેન્ડ પ્રિન્સીપાલ કમલેશ જાનીની નોકરીમાં પરત લેવાની અરજી રદ

કમલેશ જાની અને કોલેજ કર્મચારી પી.યુ.મહેતાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા ટ્રસ્ટ સમક્ષ અરજી કરી હતી

રાજકોટ, તા. ૨૫

શિક્ષણવિદ વસંતભાઈ માલવીયાના બોગસ વિલ પ્રકરણ બાદ કોલેજના પ્રિન્સીપાલ કમલેશ જાની તથા કર્મચારી પી.યુ.મહેતાને ફરજ મોકુફ કરી દેવાયા હતા. બાદમાં બંનેએ ટ્રસ્ટ સમક્ષ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અરજી કરી હતી જે ટ્રસ્ટે નકારી કાઢી છે.

પ્રાપ્ત વિગત મુજબ શિક્ષણવિદ વસંતભાઈ માલવીયાના અવસાન બાદ તેમનું બોગસ વિલ બનાવી કોલેજની તથા ટ્રસ્ટની જંગી મિલ્કત પચાવવાનો કારસો રચ્યા અંગે કોલેજના કર્મચારી સંજય પંડયાની ફરીયાદ બાદ પોલીસે વસંતભાઈના ભાણેજ મનોજ જયંતભાઈ શાહ, વિશાલ શાહ, પ્રિન્સીપાલ કમલેશ મુળ શંકર જાની અને કોલેજના કર્મચારી પી.યુ.મહેતા સામે ગુનો નોંધ્યો હતો.

બાદમાં માલવીયા કોલેજના પ્રિન્સીપાલ કમલેશ જાની તથા કોમ્પ્યુટર પ્રોગામર પરેશ મહેતાને ફરજ મોકુફ કરી દેવાયા હતા.આ પ્રકરણમાં જામીનમુકત થયા બાદ તાજેતરમાં પ્રિન્સીપાલ કમલેશ મુળશંકર જાની તથા કોલેજ કર્મચારી પીયુષ મહેતાએ પી.ડી.માલવીયા કોલેજના ટ્રસ્ટ સમક્ષ તેમને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અરજી કરી હતી ટ્રસ્ટ પ્રમુખ દ્વારા બંને સામે અદાલતી કાર્યવાહી પડતર હોય બંનેને નોકરીમાં પુનઃ લેવાની અરજી નકારી કાઢી હતી આ બાબતે બંને અરજદાર તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ તેમજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર ગાંધીનગર તેમજ કોલેજના પ્રિન્સીપાલને આ અંગે જાણ કરી હતી.

કાલે જનરલ બોર્ડ મીટીંગ

રાજકુંવરબા લેડીઝ કલબના સભ્યો માટેની વાર્ષિક હિસાબ બજેટ માટેની જનરલ બોર્ડની મીટીંગ આવતીકાલે સાંજે ૫ વાગ્યે રાખવામાં આવેલ છે.

અવસાન નોંધ

રાજકોટઃ-ગામ, જામસર હાલ રાજકોટ ગુ.સુતાર નીતાબેન હસમુખભાઈ ઝાલેરા(ઉ.વ.૪૦) તે પ્રભુલાલ મોહનભાઈ ઝાલેરાના પુત્ર વધુ હસમુખભાઈના પત્ની તેમજ સ્વ.નાનજીભાઈ કરશનભાઈ પંચાસરાના પુત્રી, તથા નિલેશભાઈના બહેનનું તા.૨૧ ના રોજ અવશાન થયેલ છે. બેસણું તા.૨૬ ને શુક્રવારના રોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦ ભકિતનગર સર્કલ પાસે ધારેશ્વર મંદિરે રાખેલ છે.

રાજકોટઃ-મચ્છુકડીયા સઈસુતારજ્ઞાતિ સ્વ.વિરજીભાઈ મોહનભાઈ ચૌહાણ (સરધારવાળા) પુત્ર મનસુખભાઈ તે પંકજભાઈના પિતાશ્રી તેમજ ઈન્દુભાઈ, સ્વ.જયેન્દ્રભાઈ, સુરેશભા, ચંદનબેન, હંસાબેનના ભાઈનું તા.૨૩ ના રોજ વડોદરા મુકામે અવસાન થયેલ છે. સદગતની સાદડી તા.૨૬ના રોજ સાંજે ૫-૦૦ થી ૬-૦૦ કમળગંગા વાડી, વિજય પ્લોટ ખાતે રાખેલ છે. પિયરપક્ષની સાદડી સાથે રાખેલ છે.

રાજકોટઃ-ગુજરક્ષત્રિય કડીયા મુળગામ જામસર હાલ રાજકોટ નિવાસી સ્વ.જેરામભાઈ લક્ષમણભાઈ ચૌહાણ (ઉ.વ.૮૦) તે કિશોરભાઈ,ગીતાબેન, મંજુબેન, વર્ષાબેન, પુષ્પાબેનના પિતાશ્રી તેમજ ડો.ઉમંગ, મોનુબેન, પુજાબેનના દાદાનું તા.૨૨ ના રોજ અવસાન થયું છે. બેસણું તા.૨૬ શુક્રવાર સાંજે ૫-૦૦ થી ૭-૦૦ મેહુલનગર-૮/૧૦ 'લક્ષ્મણ નિવાશ' કોઠારીયા રોડ રાજકોટ-૨ ખાતે રાખેલ છે.

રાજકોટઃ- સોની જેઠાલાલ નારણજી રાણપરા (નારણજી સંઘજીવાળા)ના જમાઈ વડોદરા નિવાસી સોની અરવિંદકુમાર શંકરલાલ પાટડીયા તે સ્વ.હસુભાઈ, મનુભાઈ, વિનોદભાઈ તથા મનોજભાઈના બનેવી તા.૨૨ના રોજ અક્ષરવાસી થયેલ છે. તેમનું પિયરપક્ષનું બેસણું તા.૨૬ને શુક્રવારના રોજ બપોરના ૩-૦૦ થી ૫-૦૦ સુધી ઝાલાવાડી વિશાશ્રીમાળી સોની સમાજની વાડી યુનિટ-૨, ખીજડાવાળી શેરી કોઠારીયા નાકા રાજકોટ ખાતે રાખેલ છે.

મોરબીઃ-મુળ લજાઈ હાલ મોરબી નિવાસી કિશોરભાઈ પ્રભાશંકર પંડયા (ઉ.વ.૫૨) તે હસમુખરાય, ઈન્દુભાઈ, શશીકાંતભાઈ તથા વિજયભાઈના ભાઈ તેમજ હર્ષિતભાઈના પિતાશ્રી અને સ્વ.મનહરલાલ કુલશંકર ઠાકર (ટંકારા)ના જમાઈનું તા.૨૪ ના રોજ દુઃખદ અવશાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૬ ને શુક્રવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦ આનંદનગર, ભકિતનગર સર્કલ ખાતે કંડલા બાયપાસ મોરબી ખાતે તેમજ તા.૨૬ ને શુક્રવારે રાત્રે ૮ થી ૧૦ તેઓના નિવાસ સ્થાન મુ.લજાઈ તા.જી.મોરબી ખાતે રાખેલ છે.

ઉપલેટાઃ-ધનલતાબેન (ધનીબેન) સુરેશભાઈ પીઠવા (ઉ.વ.૬૫) તે હિતેષભાઈ, રાજુભાઈ, વિજયભાઈના માતાશ્રીનું તા.૨૪ ના રોજ દુઃખદ અવસાન થયેલછે. સદગતનું બેસણું તા.૨૫ ને ગુરૂવાર ના રોજ લુહાર સમાજની વાડી, મનાલી હોલ, ઉપલેટા ખાતે બપોરના ૪-૦૦ થી ૬-૦૦ દરમ્યાન રાખેલ છે.

સાવરકુંડલા :-ચક્ષુદાતા ભરખડા લાભુબેન મથુરભાઈ (ઉ.વ.૬૩) (કોઠાપીપરીયાવાળા) હાલ, સાવરકુંડલા તા.૨૩ના રોજ ગોપાલ ચરણ પામેલ છે. તે નિતિનભાઈ, ધર્મેન્દ્રભાઈ, કેતનભાઈના માતૃશ્રી થાય. તેમનું બેસણું તા.૨૫/૦૫/૨૦૧૭ને ગુરૂવારે સાંજે ૫-૦૦ થી ૭-૦૦ વાંઝા જ્ઞાતિ વાડી પોસ્ટ ઓફિસ રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

સાવરકુંડલા :- લાડવા મુળજીભાઈ કાળાભાઈ (ઉ.વ.૯૧) તા.૨૩/૦૫/૨૦૧૭ ના રોજ અવસાન પામેલ છે. તે ભીમજીભાઈ,રસીકભાઈ, ડો.કેશુભાઈ , પ્રકાશભાઈ, ધીરૂભાઈના પીતાશ્રી થાય. તેમનું બેસણું તા.૨૫/૦૫/૨૦૧૭ને ગુરૂવારે સાંજે ૪-૦૦ થી ૬-૩૦ સુધી પારેખવાડી કોર્નરની વાડી, નીચેનો વિભાગ, પંડયા શેરી, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

સાવરકુંડલા :-રાઠોડ ખુશ્બુબેન મહેન્દ્રભાઈ(ઉ.વ.૧૪) તા.૨૦/૦૫/૨૦૧૭ના રોજ અવશાન પામેલ છે. તેમની ઉતરક્રિયા તા.૨૬/૦૫/૨૦૧૭ ને શુક્રવારના રોજ અમારા નિવાસ સ્થાન ખોડીનાર નગર, હાથસણી રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

સાવરકુંડલાઃ-સોલંકી કંચનબેન ગુણવંતરાય (ઉ.વ.૬૦) તા.૨૨/૦૫/૨૦૧૭ના રોજ અવશાન પામેલ છે. તેમનું બેસણું તા.૨૬/૦૫/૧૭ ને શુક્રવારના સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ સુધી તેમના નિવાસસ્થાને ખાદી કાર્યાલયની ડાબી બાજુ, રેલ્વે સ્ટેશન સામે, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

રાજકોટઃ-ચરજીયા સોની, શીલ વાળા હાલ રાજકોટ સોની નાથાલાલ તે સ્વ.દુર્લભજીભાઈ સવજીભાઈ સારગના પુત્ર તેમજ હરિલાલ, પોપટલાલ, તથા પ્રભુદાસના ભાઈ તેમજ યોગેશભાઈ, રાજેન્દ્રભાઈ, ધર્મેન્દ્ર, સ્વ.રંજનબેન, કલ્પનાબેનના પિતાશ્રી કિશોરભાઈ હંજ તથા જીતેનભાઈ ઝવેરીના સસરા તેમજ કેશોદવાળા ઓધવજીભાઈ નથુભાઈ ધકાણના જમાઈ રાજકોટ મુકામે તા.૨૪ના રોજ શ્રીજીચરણ પામેલ છે. ઉઠમણું તા.૨૫ને ગુરૂવારે સાંજે પાંચ કલાકે ભગવાન ભુવન વાડી, ૧૬-પંચનાથ પ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે.

ઢસાઃ- વિનોદરાય યશવંતરાય તેરૈયા (ઉ.વ.૬૧) તા.૨૪/૦૫/૨૦૧૭ ના રોજ અવસાન પામેલ છે. તે યશવંતરાય નારાયણભાઈ તેરૈયાના પુત્ર તેમજ વિરલભાઈ, મનીષભાઈ, એકતાબેન, અભિષેકભાઈ(આટકોટ)ના પિતાશ્રી તથા રમેશભાઈ, અશોકભાઈના મોટાભાઈનું તા.૨૪ ના રોજ અવસાન થયું છે. બેસણું તા.૨૬ ને શુક્રવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦ ઢસાગામ નિવાસે ભાવનગર રોડ, 'જનેતા' રાખેલ છે.

રાજકોટઃ મુળગામ-શનાળાના ઘનશ્યામસિંહ દોલતસિંહ જાડેજા તે નરેન્દ્રસિંહ જાડેજાના નાના ભાઈનું તા.૨૪ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૨૭ના શનિવારે સાંજે ૫ થી ૬.૩૦ સુધી 'પ્રણવ', ૧/૫ સૌરાષ્ટ્ર કલા સોસા. રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટઃ લુહાર મકવાણા નવિનચંદ્રભાઈ (ઉ.વ.૬૫) તે સ્વ. રતિલાલ આંબાભાઈ મકવાણાના પુત્ર તેમજ જગદીશભાઈ, નરોતમભાઈ, જયસુખભાઈ, પ્રવિણભાઈ, બટુકભાઈ તથા કુસુમબેન મુકેશકુમાર પીઠવાના મોટાભાઈ તેમજ હિરેનભાઈ, સ્વ. તેજસભાઈ, મિતેશભાઈ, કૌશલભાઈ, કેતનભાઈના ભાઈજીનું તા.૨૪ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૨૬ને શુક્રવારના રોજ સાંજે ૫થી ૭, મચ્છુ કઠીયા દરજી જ્ઞાતિની વાડી, ધર્મજીવન સોસાયટી મેઈન રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટઃ (મુંબઈ નિવાસી) હાલ રાજકોટ સ્વ. લીલાધર આણંદજી દાશાણીના પત્નિ મુકતાબેન દાશાણી તે સ્વ. કિશોરભાઈ, બીપીનભાઈ, જીતેન્દ્રભાઈ, ઈલાબેન, પ્રફુલાબેનના માતુશ્રી તેમજ ગોરધનદાસ કારીયાના દીકરીનું તા.૨૫ના અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા તા.૨૬ના શુક્રવારે સાંજે ૫ થી ૬ કલાકે કેવડાવાડી નં.૬ લુહાર જ્ઞાતિની વાડી, રાજકોટ મુકામે રાખેલ છે.

રાજકોટઃ સ્વ. રતિલાલ દુર્લભજી મહેતાના પત્નિ ગૌરીબેન સ્વ. રતિલાલ મહેતા (ઉ.વ.૯૨) તે રાજેશભાઈ રતિલાલ મહેતાના માતુશ્રી તથા મૌલિક રાજેશભાઈ મહેતાના દાદીમાનું અવસાન થયેલ છે. સદગતનું બેસણું શુક્રવાર તા.૨૬ના રોજ વિ.કા. મહેતા બ્રાહ્મણ બોર્ડીંગ ૯ ગોપાલનગર ડો. રાજાણીના દવાખાના પાસે સાંજે ૫થી ૬ રાખેલ છે.

સ્વ.પરબતભાઈ લાવડીયાના ધર્મપત્નીનું દુઃખદ અવસાનઃ કાલે સાંજે બેસણું

ગં.સ્વ.સરલાબેન પરબતભાઈ લાવડીયા (ઉ.વ.૫૦) તે મુળજીભાઈ નનાભાઈ અને ઉકાભાઈ નનાભાઈનાં ભાઈ પરબતભાઈના ધર્મપત્ની તથા અમિતભાઈનાં માતુશ્રીનું તા.૨૩-૫-૨૦૧૭, મંગળવારે દુઃખદ અવસાન થયેલ છે.

બેસણું

તા.૨૬-૫-૨૦૧૭ને શુક્રવારે સાંજે ૫ થી ૭ તેમના નિવાસસ્થાન નવા કુંભારવાડા- ૬/૧૧ કોર્નર, કેનાલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

જીગરજાન ભાઈને શ્રધ્ધાંજલી

સ્વ. ભરતભાઈ ખેંગારભાઈ ટારીયા
સ્વ.તા. ૨૨/૦૫/૨૦૧૭, સોમવાર રાજકોટ

રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર તમારી, મન હજુ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી, હર પળે તમારા હોવાનો આભાસ થયા કરે છે, જીવન એવું જીવી ગયા કે મૃત્યુ પણ રડી પડયું, સુખને છલકાવ્યું નહી, દુઃખને કદી દેખાડયું નહી, પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.

સંગ્રામભાઈ ક્વાભાઈ ટારીયા
નવઘણભાઈ દેવાભાઈ ટારીયા
હમીરભાઈ રાજુભાઈ ટારીયા
વિરમભાઈ રઘુભાઈ ટારીયા
તથા ટારીયા પરિવારના
જય દ્વારકાધીશ

દુઃખદ અવસાન/બેસણું

મુ. રવાપર (મોરબી) નિવાસી સવજીભાઈ ખીમજીભાઈ રાંકજા (ઉ.વ.૮૩)નું તા.૨૪-૫-૨૦૧૭, બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

-ઃ સદ્‌ગતનું બેસણું ઃ-

તારીખઃ ૨૬-૫-૨૦૧૭, શુક્રવાર
સમય : સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાકે
સ્થળ : અમારા નિવાસ સ્થાને અંજની પાર્ક સોસાયટી, આલાપ રોડ, મોરબી ખાતે રાખેલ છે

સ્વ. સવજીભાઈ ખીમજીભાઈ રાંકજા
સ્વ.તા.૨૪-૫-૨૦૧૭, (ઉ.વ.૮૩) મુ.રવાપર (મોરબી)

લી. ગં.સ્વ. જમનાબેન સવજીભાઈ રાંકજા
કાંતીભાઈ સવજીભાઈ રાંકજા - ચંપાબેન કાંતીભાઈ રાંકજા
દામજીભાઈ સવજીભાઈ રાંકજા - માયાબેન દામજીભાઈ રાંકજા
અક્ષય દામજીભાઈ રાંકજા - રીન્કુબેન અક્ષયભાઈ રાંકજા
દિવ્યેશ કાંતીભાઈ રાંકજા - ધવલ દામજીભાઈ રાંકજા
વિભુતીબેન દામજીભાઈ રાંકજા
તથા રાંકજા પરીવારના જયશ્રી કૃષ્ણ

દુઃખદ અવસાન / બેસણું

સ્વ. મનસુખ ધરમશીભાઈ ભોરણીયા
સ્વ. તા. ૨૪-૦૫-૧૭
(ઉ.વ.૫૭)

હમીરપર(તા. ટંકારા) નિવાસી મનસુખભાઈ ધરમશીભાઈ ભોરણીયા(ઉ.વ.૫૭)નું તા. ૨૪/૦૫/૨૦૧૭, બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

સદ્‌ગતનું બેસણું

તારીખ : ૨૭/૦૫/૨૦૧૭, શનિવાર
સમય : સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાકે
સ્થળ : તુલસીબાગ, રૈયા ટેલીફોન એક્ષ. પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

હમીરપર

તારીખ : ૨૬/૫/૨૦૧૭ શુક્રવાર
સમય : સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાકે

લી.

ગં.સ્વ.મંજુલાબેન મનસુખભાઈ ભોરણીયા
જેરાજભાઈ વસરામભાઈ ભોરણીયા
પ્રભુલાલ બેચરભાઈ ભોરણીયા
શાંતિલાલ ધરમશીભાઈ ભોરણીયા
નિલેશ મનસુખભાઈ ભોરણીયા
જયદીપ મનસુખભાઈ ભોરણીયા

સાતમી વાર્ષિક પુણ્યતીથીએ શ્રધ્ધાંજલી

પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભકિત હતી,
સ્નેહ જેની શકિત હતી,
તેવા દિવ્ય આત્માને અશ્રુભીની અંજલી...

સ્વ.શ્રી ચનાભાઈ પોપટભાઈ સુદાણી
સ્વ.તા.૨૫-૦૫-૨૦૧૦, મંગળવાર

લક્ષ્મી પેકીંગ સર્વીસ - કીર્તી પેકેજીંગ
જય ઓફસેટ - શ્રીધર ક્રાફ્ટપેક એલ.એલ.પી.

ગં.સ્વ.જયાબેન ચનાભાઈ સુદાણી
સંજયભાઈ ચનાભાઈ સુદાણી
ભાવનાબેન સંજયભાઈ સુદાણી
નેન્સી સંજયભાઈ સુદાણી
હેમાંગ સંજયભાઈ સુદાણી

સાંજ સમાચાર
દુઃખદ અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, ઋણ સ્વીકાર
» અંદરના પાને ફિકસ ₹350
» ૧૦ સે.મી.થી વધારાના સે.મી.ના ₹100
સાંજ સમાચાર હાઉસ - કસ્તુરબા રોડ
ફોન : ૨૪૭૩૯૧૫/૧૬, ફેક્સ : ૨૪૭૩૯૨૫
દરેક ગામ તથા શહેરમાં અમારા અધિકૃત એજન્ટ તથા પ્રતિનિધિનો સંપર્ક કરશો.